dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY


This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

January 2012 | For private circulation only | Vol. 04 - Issue 73

આજે સવારે એક કલાક મેં વિવેકાનંદને સાંભળ્યા. એ કદાચ બુધ્ધના કે કદાચ ઈસુના જેવા મહાત્માના અવતાર હોય એમ હું માનું છું. એ એવા તો સરળ, એવા તો પવિત્ર, એવા તો નિ:સ્વાર્થી છે.

એલા વ્હીલર વિલકોકસ
(અમેરીકન કવયિત્રી)

## દીપે અરુણું પરભાત



આપણા રાષ્ટ્રનું એ સદ્‌ભાગ્ય છે કે, તેજપુંજ જેવા, શકિતથી ઝળહળતા મહાપુરુષો એને પ્રાપ્ત થયા. સંન્યાસ શબ્દમાં સમાયેલા અર્થભાવને તેઓ બરાબર રીતે સમજયા હતા. ભારતીય સંસ્કૃતિના ધર્મસંદેશને વેગ આપનાર મહામાનવોમાંના એક સ્વામી વિવેકાનંદ છે. વિવેકાનંદ ખરા અર્થમાં યુગનાયક છે. ભારતીય પ્રજામાં પોતાની અસ્મિતા જાગે એ માટે તેઓ હંમેશ પ્રયત્નશીલ રહયા. ભારતની ઉજ્જવળ પરંપરાની ઉપાસના તેમણે કરી. શ્રી રામકૃષ્ણ પરમહંસના પ્રિય શિષ્ય સ્વામી વિવેકાનંદ કેવળ ભારતભૂમિના જ નહીં પરંતુ વિશ્વના મહાન અધ્યાત્મપુરુષમાંના એક છે. સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા અને ૧૯મી સપ્ટેમ્બર, ૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદમાં આપેલા પ્રવચનના આરંભે 'લેડીઝ એન્ડ જેન્ટલમેન' સંબોધન છોડીને 'બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ' સંબોધન કરીને ઉપસ્થિત સૌ સાથે આત્મીયતા સ્થાપી લીધી, સૌને મંત્રમુગ્ધ કરી દીધા.

પ્રભાવશાળી વ્યકિતત્વના માલિક સ્વામી વિવેકાનંદ પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. એમની પાસે વિચારોની ભવ્યતા હતી. અધ્યાત્મનો ઊંડો અભ્યાસ તેમણે કર્યો હતો. માનવધર્મનું તેમને મન મોટું મહત્વ હતું. તેમણે કહયું હતું : "ઈશ્વરની શોધ બીજે કયાં કરવા જશો ? શું બધા દીન-દુ:ખી અને દુર્બળ લોકો ઈશ્વરસ્વરૂપ નથી ? તો એમની પૂજા પ્રથમ શા માટે ન કરવી ? ગંગા કાંઠે કૂવો ખોદવા શા માટે જવું ?"

શિક્ષકનું કાર્ય તેઓ આ શબ્દોમાં જણાવે છે :

"કેળવણી એટલે માણસમાં રહેલી પૂર્ણત્વની ભાવના જાગૃત કરવી. ધાર્મિક શિક્ષણ એટલે માણસની અંદર રહેલી દિવ્ય શકિતઓનો આવિર્ભાવ કરવો. એટલે આ બંને વિષયોમાં શિક્ષકનો ધર્મ એટલો જ કે શિક્ષાર્થીના માર્ગમાંથી અંતરાયો દૂર કરી તેનો માર્ગ મોકળો કરી આપવો."

સ્વામી વિવેકાનંદે કર્તવ્યનિષ્ઠાને જ ઈશ્વરપૂજનનું શ્રેષ્ઠ સ્વરૂપ ગણાવ્યું છે. સિંહ કે વાઘની જેમ નીડર બની નમાલાપણું છોડવા તેઓ કહેતા. આદર્શ માનવના નિર્માણ અને ચારિત્ર્ય ઘડતર પર તેમણે ખાસ ભાર મૂકયો હતો. તેમણે કહયું હતું :

"અત્યારે હનુમાનના ચરિત્રને તમારે આદર્શ બનાવવાનો છે, જુઓ, રામચંદ્રની આજ્ઞાથી તેમણે સાગરને ઓળંગ્યો હતો; તેમને જીવન કે મરણની પરવા ન હતી ! તેઓ પૂરેપૂરા ઈન્દ્રિયનિગ્રહી અને અદ્‌ભુત બુદ્ધિ ધરાવતા હતા. અંગત સેવાના આ મહાન આદર્શ અનુસાર તમારે તમારું જીવન ઘડવું જોઈશે. તે દ્વારા બીજા બધા આદર્શો ધીરે ધીરે જીવનમાં ઊતરી આવશે. સામો પ્રશ્ન કર્યા સિવાય ગુરુની આજ્ઞાનું પાલન અને સંપૂર્ણ બ્રહ્મચર્યસેવન, એ સફળતાનું રહસ્ય છે. હનુમાન એક બાજુએ જેમ સેવાના આદર્શના પ્રતિનિધિ છે, તેમ બીજી બાજુએ આખી દુનિયા પર ધાક બેસાડી દે તેવી સિંહ સમાન હિંમતના પણ પ્રતિનિધિ છે. રામચંદ્રના હિત અર્થે પોતાની જિંદગીનો ભોગ આપી દેતાં તેમના મનમાં જરાય આંચકો લાગ્યો ન હતો. સેવા સિવાય બીજી બધી બાબતો તરફ વિશ્વના મહાન દેવો બ્રહ્મા અને શિવના પદની પ્રાપ્તિ પ્રત્યે પણ તેઓ અત્યંત બેપરવા રહયા છે ! તેમના જીવનનું એકમાત્ર વ્રત છે રામની આજ્ઞાનું પાલન ! આવી ખરા હૃદયની ભકિત જોઈએ. કેવળ મૃદંગ અને કરતાલ બજાવીને અને કીર્તનોની ધૂનમાં નાચી નાચીને સમસ્ત પ્રજા અધોગતિએ પહોંચી ગઈ છે."

'ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત્ રહો' એમ કહેનાર સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીનું આ વર્ષ છે. આપણે ભવ્ય રીતે દીવ્ય યુગ પુરુષની જન્મ જયંતી ઉજવીએ. સ્વામીજીના વિચારોને સમજીએ અને આપણાં જીવનમાં ઉતારીએ. આપણાં યુવાનોનું જીવન સ્વામીજીના વિચારોથી ઉન્નત બને અને એમનામાં પ્રબળ રાષ્ટ્રપ્રેમ જન્મે એ માટે વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ આપણે નિસ્બતપૂર્વક કરવાનો દ્રઢ સંકલ્પ કરીએ.

૧૫ જાન્યુઆરી, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી



યુગપ્રવર્તક પયગંબર સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ સ્વામી વિવેકાનંદ સાહિત્યનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. તદ્‌પરાંત યુનિવર્સિટી ગ્રંથાલયમાં "સ્વામી વિવેકાનંદ સાહિત્ય કોર્નર"નો પ્રારંભ કરવામાં આવ્યો.

## કાર્યશાળા

"તું થકકે ન બૈઠ અભી ઉડાન બાકી હૈ
જમીં તો કયા અભી તો આસમાન બાકી હૈ"

એચ.આર. ૨૦૨૦ ઉપરના એક દિવસીય કાર્યશાળાનું ઉદ્‌ઘાટન કરતા ડૉ. ઠાકરે ઉપરોકત પ્રેરક શબ્દો કહયા હતા. તેમણે આગળ જણાવ્યું કે આ સદી જ્ઞાનની સદી છે અને અધ્યાપકો જ્ઞાન સાધનામાં રત રહે તો વિદ્યાર્થીઓનું ખરુ ઘડતર થાય તેમણે ખૂબ સરસ રીતે સખત અને સતત પરિશ્રમનો મહિમા સમજાવ્યો હતો. એચ.આર. અધ્યાપકો માટેની આ એક દિવસીય કાર્યશાળા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ વિભાગ અને નેશનલ એચઆરડી નેટવર્ક સંયુકત રીતે આયોજીત કરેલ. નેશનલ એચઆરડી નેટવર્કના સીલ્વર જયુબીલી ઉજવણીનો આ કાર્યશાળા એક ભાગ છે. ભાગ લેનાર સૌને કાર્યક્રમ ખૂબ ઉપયોગી જણાયેલ હતો. શ્રી અતીક દેસાઈ એલ.એન્ડ ટી., શ્રી અતુલ પંડયા કેડીલા ફાર્મા અને શ્રી હિમાંશુ ભટ્ટે વિવિધ સત્રો લીધા હતા. કાર્યક્રમની પરિકલ્પના ડૉ. કિરણ પંડયા અધ્યક્ષ માનવ સંસાધન વિકાસ વિભાગની હતી. યુનિવર્સિટીના કુલસચિવશ્રી જે.આર. મહેતાએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરુ પાડયું હતું અને વિભાગને જરૂરી સહયોગ પુરો પાડયો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી ઓજસ ભટ્ટ અને આભારવિધી ડૉ. દિગ્વીજય ઠાકોરે કરેલ હતી. આ કાર્યશાળામાં સંલગ્ન કોલેજના અધ્યાપકો અને વિભાગના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભર ભાગ લીધો હતો.

## પૂજય મોટા કૃત ગ્રંથો

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, હરિ ૐ આશ્રમ, કુરુક્ષેત્ર મહાદેવના મંદિર પાસે, જહાંગીરપુરા સુરત તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને બુક કેશ-૨ (રૂા. ૩૯૪૦૦) અને પૂજય મોટા કૃત-૧૫૨ ગ્રંથો (રૂા. ૨૩૨૩) સેનેટ સભ્યશ્રી ગૌરાંગભાઈ વૈદ્યના પ્રયાસથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. જેને 'પૂજય મોટા સાહિત્ય કોર્નર' તરીકે સ્વતંત્ર ગ્રંથસંગ્રહના સ્વરૂપમાં યુનિવર્સિટી ગ્રંથાલય સંગૃહિત કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ગ્રંથાલયમાં ધર્મગ્રંથો યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગૃહિત કરવામાં આવેલ છે. જે પૈકી શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, સુરત દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયમાં "આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર"ની શરૂઆત પૂર્વ કુલપતિશ્રી (ડૉ.) પ્રોફે. બી.એ. પ્રજાપતિના શુભ હસ્તે તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ કરવામાં આવી હતી. આ સંગ્રહમાં ૩૪,૦૦૦ રૂપિયાનાં બે બુક કેશ તથા આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી કૃત ૩૬૯ ગ્રંથો ઉપલબ્ધ છે. તદ્‌પરાંત ગીતા પ્રેસ, ગોરખપુર, સુરત શાખાના ગૌભકત ધર્મપ્રેમીઓ તરફથી ગીતા પ્રેસ, ગોરખપુરનાં હિન્દુ સનાતન ધર્મનાં ૮૨૩ ગ્રંથો અને બે બુક કેશ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ. 'ગીતા પ્રેસ ગોરખપુર સાહિત્ય કોર્નર'નું ઉદ્‌ઘાટન ભાગવત-ભૂષણ પૂજય શ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે તા. ૬-૫-૨૦૧૧ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આ પ્રસંગે ભાગવત-ભૂષણ પૂજય રમેશભાઈ ઓઝા તરફથી પણ ૫૧ ધર્મગ્રથો પણ ભેટ સ્વરૂપ પ્રાપ્ત થયા હતા.

પોતાની વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓ પ્રતિભાવંત હોય પણ આધ્યાત્મમાં પણ પ્રતિભાવંત થાય તે માટે આ ધાર્મિક ગ્રંથો ઘણાં મૂલ્યવાન સાબિત થશે. આ ગ્રંથો યુનિવર્સિટી ગ્રંથાલયનું અમૂલ્ય ઘરેણું બની રહયા છે. જે યુનિવર્સિટી ગ્રંથાલયના વાચકો માટે સદભાવનાની પ્રેરણાનો સ્ત્રોત બનશે.

## તાલીમ

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી-ન્યુ દિલ્હી આયોજીત એન્ટરપેનયોરશીપ ડેવલોપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ફોર સાયન્સટીસ્ટ એન્ડ ટેકનોલોજીસ્ટ માટેની રાષ્ટ્રીય તાલીમ માટે ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. કિશોરભાઈ સી. પોરીયાની પસંદગી થયેલ હતી. સમગ્ર રાષ્ટ્રમાંથી ૨૫ તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવેલ હતી. તેઓ તા.૧૯ થી ૨૩ ડિસેમ્બર દરમ્યાન ઈ.ડી.આઈ. અમદાવાદ ખાત યોજાયેલ તાલીમમાં ભાગ લીધેલ હતો. વિજ્ઞાન અને તકનીકનાં ઝડપી વિકાસ અને માહિતી પ્રસારણ, અને જ્ઞાનનાં સ્ત્રોતો અને તેનાં વ્યવસ્થાપનને પરિણામે વિશ્વ માનવોનું નિર્માણ થયું છે. વધુ પડતાં ઓદ્યોગિક વિકાસને પરિણામે રોજગારીની તકો, જ્ઞાનનો સદ્‌ઉપયોગ અને સરકારી/ખાનગી સેવા ક્ષેત્રમાં ઘટતી જતી રોજગારીની તકો અને વધતાં જતાં શિક્ષણને પરિણામે યુવાધન તે પોતાનાં જ્ઞાનનો વિનિયોગ પોતાનાં સ્વખર્ચે પોતાના અને રાષ્ટ્રનાં વિકાસ માટે કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. વિશ્વમાં વધી રહેલાં પ્લાસ્ટીકનો ઉપયોગ, ઈલેકટ્રોનિકસ સાધનોનો કચરો, ખતરનાક રસાયણો... વગેરેને લીધે ઉદ્‌ભવેલાં પ્રશ્નોનાં સમાધાન શોધી અને તેમાંથી પોતાને સ્વરોજગાર મળી શકે અને તે દ્વારા અનેક લોકોને સ્વરોજગારીની વિપુલ તકો સર્જી શકાય તેમ છે. સમગ્ર રાષ્ટ્રમાંથી આપેલા વૈજ્ઞાનિકો અને ટેકનોલોજીસ્ટ એ વિશદ્ વિચાર વિમર્શ કરેલ હતો. આપણા દેશનાં પ્રથમ વખત આ પ્રકારની તાલીમ વૈજ્ઞાનિકો અને ટેકનોલોજી માટે યોજાઈ હતી.

## પીએચ.ડી.



યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટના પ્રા. Barot Jagruti Khandubhai એ Biotoxicity studies on the effect of some dyes on freshwater fish Labeo Rohita in water and their removal using bioadsorbents વિષય પર Dr. Anita Bahadurના માર્ગદર્શન તળે શોધનિબંધ પ્રસ્તુત કરેલ. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી. પદવી એનાયત કરેલ છે. અભિનંદન.

## કોન્ફરન્સ



તા. ૫ થી ૭ ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન રુરકી ખાતે Advances in Modelling, Optimization and Computing (AMOC-2011) વિષય ઉપર યોજાયેલ આંતરાષ્ટ્રીય કક્ષાના અધિવેશનમાં ગણિતશાસ્ત્ર વિભાગના એસો. પ્રોફેસર ડૉ. ડી.સી. જોષીએ ભાગ લઈ "Numerical Study of the two dimensional luminar boundary layer flow past a moving wedge with sanction of injection" વિષય પર પેપર રજુ કર્યું હતું તેમજ તેમના માર્ગદર્શન હેઠળ પ્રા. જયેશ એમ. ઢોડીયાએ "Current requirements of transportation problems issues and solution" વિષય પર પેપર રજુ કર્યું હતું.

તા. ૧૬ થી ૧૮ ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન અમદાવાદ ખાતે યોજાયેલ "ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન "એપ્લાઈડ મેથેમેટીક્સ એન્ડ સ્ટેટેસ્ટીકસ"માં ગણિતશાસ્ત્ર વિભાગનાં એસો. પ્રોફેસર ડૉ. ડી.સી. જોષીએ ભાગ લીધો હતો. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના પ્રેઝન્ટેશન શેશનમાં તેમણે ચેર પર્સન તરીકે કાર્ય કર્યું હતું. તેમજ તેમના માર્ગદર્શન હેઠળ તેમના સંશોધક ૧. ભાવિકા ટેલરે "Mathematical Modeling for Text-Mining with Hidden Macrov model" ૨. સ્નેહા કે પટેલે "Mathematical model based total security system with qualitative and quantitative data human" વિષયો ઉપર પેપર રજુ કર્યા હતા.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2011 to November 2011.

**EDUCATION**

1 Gamit, Dilipbhai M. **Dakshin Gujarat ni shalaomaa Gujarati bhasha shikshan ni pravartman parishiti.** (Dr.R.B.Chaudhari), Department of Education, VNSGU, Surat.

2 Parekh, Devangkumar K. **Experimental study of the effectiveness of website in learning chemistry at higher secondary level.**(Dr.D.B.Shah), Department of Education, VNSGU, Surat.

**HRD**

1 Sharma, Umesh R. **Impact of humand resources systems on performance of the organization: A study in select industries of Vapi, Silvassa and Daman.** (Dr.D.G.Thakore), Department of Human Resource Development, VNSGU, Surat.

**MANAGEMENT**

1 Almoula Trupti S. **Factors that contribute to change implementation in the field of higher education: A perceptual analysis of women indecision making roles in the field of higher education in the state of Gujarat.** (Dr.A.S.Abani), B.M.College of Management, Surat.

**MATHEMATICS**

1 Patel, Vaishali N. **On the generalization of similarity analyses of partial differential equations.** (Dr.M.G.Timol), Department of Mathematics, VNSGU, Surat.

2 Tailor, Kruti S. **Study of fractional differential equations of flow problems using adomain decomposition method.** (Dr.P.H.Bhathawala), Department of Mathematics, VNSGU, Surat.

**PHYSICS**

1 Adroja, Dipak G. **Studies on growth of thiourea crystals through evaporation technique and charactrisation of these grown crystals.** (Dr.K.C.Poria), Department of Physics, VNSGU, Surat.

**SCIENCE (Microbiology)**

1 Castro, Arnold R. **New methods for the seological diagnosis of syphilis.** (Dr. H.C.Mody), Institute of Medical Technology, Surat.

**STATISTICS**

1 Shah, Hemaliben M. **Statistical study of banking profile of Gujarat in comparison of other selected states and national level.** (Dr. A.J. Rajyaguru), Department of Statistics, VNSGU, Surat.

## M.Phill.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2011 to November 2011.

**ACCOUNTANCY**

1 Gandhi, Hemali J. **Corporate reporting practives of selected banking sectors in India: A study of the Surat People's Co-operative Bank, Bank of Baroda and AXIS Bank.** (Dr.G.N.Rana), J.Z.S.A.and H.P.D.Comm.College, Amroli.

2 Shah, Krina H. **A study of customer satisfaction in retail banking with service quality dimensions: An empirical study of public sector and private sector banks of Surat city.** (Dr.S.O.Desai), Sir K.P.C.C.,Surat.

**BIO SCIENCE**

1 Vyas, Milvee K. **Morpho-histological studies of some medicinal plants of gamopetalae.** (Dr. Y.J.Thanki), Department of Bio-Science, VNSGU, Surat.

**COMMERCE**

1 Bhathena, Parizad M. **A study of relationship of performance appraisal system satisfaction and work performance, affective organizational commitment, turnover intention and intrinsic motivation-with special reference to Bank of India, South Gujarat region.** (Dr.H.S.Oza), S.P.B.E.M. C.C., Surat.


2 Thakor, Darshan M. **Fundamental and technical analysis of equity shares : A study of selected companies.**(Dr.Vinod Patel), P.R.P.Arts-Commerce College, Bardoli.

**ECONOMICS**

1 Rathod, Tarulatabahen M. **Hira udhyog ni stri karigaro no aarthik ane samajik paristhiti no abhyas: Navsari saher na sandarbh ma.** (Dr.D.L.Varsani), J.B.D.M. Arts College, Surat.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા



તા. ૨૩/૨૪-૧૨-૨૦૧૧ના રોજ વી.બી. શાહ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ વેઈટલિટીંગ, પાવરલિફ્ટીંગ, બેસ્ટફીજીકસ સ્પર્ધામાં હાસિમ પઠાણે ૬૫ વેઈટગૃપ માં ગોલ્ડ મેડલ મેળવીને સિલેકશન ટ્રાયલમાં હાસિમ મેહબુબખાન પઠાણ ને મિ.યુનિવર્સિટી જાહેર કરવામાં આવ્યો. હાસિમ ની આ સૌ પ્રથમ ટુર્નામેન્ટ હતી અને આ પ્રથમ ટુર્નામેન્ટમાં જ આ સિધ્ધી પ્રાપ્ત કરી હતી. સ્પર્ધામાં મેનેજર તરીકે પ્રા. જીગ્નેશ ટંડેલ અને કોચ તરીકે મેજલ કેરીવાલા રહયા હતા.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનના તાલીમાર્થીઓએ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરાના ગીતાજયંતિ નિમિત્તે યોજાયેલ શ્લોકગાન તથા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં શ્લોકગાન સ્પર્ધામાં રાજગોર પ્રકાશ પ્રથમ ક્રમ તથા પટેલ મિતેશ વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ હાંસલ કરેલ છે.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. આંતરકોલેજ નિબંધલેખન સ્પર્ધામાં તેમજ શ્લોકગાન સ્પર્ધામાં વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શ્લોક ગાન સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મોણપરા હેતલ અને નિબંધલેખન સ્પર્ધામાં તૃતીય ક્રમ જયોતિ પંચાલે પ્રાપ્ત કર્યો.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ વોલીબોલ (ભાઈઓ)ની 'એ' ઝોન સ્પર્ધા તા. ૧૨-૧૨ અને ૧૩-૧૨-૧૧ દરમ્યાન અંબાબા કોમર્સ કોલેજમાં યોજાઈ ગઈ. જેમાં ૨૫ કોલેજોએ ભાગ લીધો. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત ચેમ્પિયન બની હતી. તદ્પરાંત યુનિવર્સિટી ઈન્ટર ઝોન વોલીબોલ સ્પર્ધા તા. ૧૫-૧૨-૧૧ના રોજ આર્ટસ-સાયન્સ-કોમર્સ કોલેજ, ખોલવડ મુકામે યોજાઈ ગઈ. જેમાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત ચેમ્પિયન બની હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૨-૧૨-૧૧ના રોજ ઈન્ટર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ કોલેજોએ ભાગ લીધો. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈએ સ્પર્ધકો અને મહેમાનોને આવકાર આપ્યો હતો. સ્પર્ધાના મુખ્ય મહેમાનો તથા નિર્ણાયકો તરીકે શ્રીમતી યામીનીબેન વ્યાસ તથા પ્રા. શ્રી જૈનિશ ભગત તથા આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, ઉપાચાર્ય શ્રી પ્રા. ડી.જે. વસાવડાના શુભ હસ્તે દિપ પ્રાગટય કરીને સ્પર્ધાનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. પરિણામ : પ્રથમ-કુ. પલક બી. શાહ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), દ્વિતીય-કુ. અવનિકા દેવાની (જે.ડી. ગાબાણી કોલેજ, સુરત), તૃતીય-શ્રી જનક નાનુભાઈ વાઘેલા (એસ.વી. પટેલ કોલેજ), આશ્વાસન-કુ. વ્યોમા આહીર (સર પી.ટી. સાયન્સ કોલેજ, સુરત) ઈન્સ્ટન્ટ કવીઝ વિનર : પાંચ સ્પર્ધકોમાં ચિઠ્ઠી ઉપાડતા વિજેતા થયા છે. કુ. ગામીત ભાવના સુરેશભાઈ (શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી). તદ્પરાંત તા. ૨૩-૧૨-૧૧ના રોજ ઈન્ટર કોલેજ 'વેસ્ટ માંથી બેસ્ટ' તેમજ 'ઈન્ટર કોલેજ સર્જનાત્મક કામગીરી' સ્પર્ધાનું ઉદ્દઘાટન આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈએ દિપ પ્રાગટય કરીને કર્યું હતું અને સૌ સ્પર્ધકો તેમનામાં અદ્ભૂત કળાને ઉજાગર કરવા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સ્પર્ધાનું ઈનામ વિતરણ આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, ઉપાચાર્ય શ્રી પ્રા. ડી.જે. વસાવડા તથા પ્રા. ગજેન્દ્રભાઈ મજઠીયાના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. પરિણામ : વેસ્ટમાંથી બેસ્ટ" : પ્રથમ-કુ. વિહંગી એસ. નાયક (એ.વી. પટેલ કામર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય-કુ. જીનલ બી. પટેલ (સી.ડી. બરફીવાલા કોલેજ, સુરત), તૃતીય-શ્રી રાકેશ ધોધારી (નવયુગ કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન-શ્રી કિશન એન. સોલંકી (વિવેકાનંદ કોલેજ ફોર બીબીએ, સુરત) અને કુ. પિન્કી અગ્રવાલ (ડી.આર.બી. કોલેજ, ભરથાણા). સર્જનાત્મક કામગીરી : પ્રથમ-કુ. મૈગી એસ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય-કુ. ભાવીની એ. પટેલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી), તૃતીય-શ્રી શ્યામ વી. હળપતી (કે.પી. કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન-શ્રી સાગર એ. ગાંધી (એસ.પી.બી. ગાર્ડા કોલેજ) અને કુ. વિહંગી એસ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા). ઈન્સ્ટન્ટ કવીઝ વિનર સ્પર્ધામાં બીલીમોરાની એ.વી. પટેલ કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. વિહંગી એસ. નાયક તથા કુ. મૈગી એસ. નાયક સંયુકત રીતે વિજેતા થયા છે.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભ અન્વયે યોજાયેલ બીચ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજે જીલ્લા કક્ષાએથી વિજેતા બની રાજયકક્ષાએ ભાગ લઈ ચેમ્પીયન થઈ છે. ગત તા. ૨૩-૧૨-૨૦૧૧ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ ઈનામવિતરણ સમારંભમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ટીમનાં ખેલાડીઓને ચેમ્પીયનશીપ મેળવવા બદલ શિલ્ડ, ગોલ્ડમેડલ, ટ્રેકશુટ, સર્ટિફિકેટ અને રૂા. ૪૦,૦૦૦/-નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. ટીમના કોચ તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ઘનશ્યામ ટંડેલે કામગીરી બજાવી હતી. તદ્પરાંત તા. ૨૭-૧૨-૧૧ના રોજ 'લોકશાહીમાં લોકપાલ અનિવાર્ય છે' વિષય પર આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ-પ્રિતી કંસારા (અમરોલી કોલેજ), દ્વિતીય-શૈલી ઉપાધ્યાય (વલસાડ કોમર્સ કોલેજ) અને તૃતીય-માનસી કંસારા (કામરેજ કોલેજ) વિજેતા રહયા હતા.

તા. ૨૬-૧૨-૧૧ થી તા. ૨૮-૧૨-૧૧ દરમ્યાન શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલ ખાતે યોજાયેલ લીંબુ-ચમચી સ્પર્ધામાં પ્રથમ-રજવાડી કવિતા અને દ્વિતીય-વસાવા વૈશાલી એ. ૧૦૦ મીટર દોડમાં પ્રથમ-વસાવા ચંદ્રકાન્ત હળપતિ પ્રમોદભાઈ, બહેનો ૧૦૦ મીટરમાં પ્રથમ-વસાવા મીનીતાબેન, દ્વિતીય-આહિર નેહલ, સિકકાશોધ સ્પર્ધામાં ભાઈઓમાં પ્રથમ-પટેલ અતુલભાઈ, દ્વિતીય-પ્રજાપતિ હિતેશ, સંગીત ખુરશી સ્પર્ધામાં-બહેનોમાં રજવાડી કવિતા, શાહ શ્રેયા, તેમજ ભાઈઓમાં જોસી ઉમેશ પ્રથમ, કેળાકૂદ

સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ-આહિર વૈશાલી અને દ્વિતીય-પટેલ શીતલબેન, ભાઈઓમાં યાદવ મહેન્દ્ર પ્રથમ, એક મિનિટ સ્પર્ધામાં હળપતિ પ્રમોદભાઈ પ્રથમ, સ્લો સાઈકલ સ્પર્ધામાં પ્રથમ-તડવી હેમંત અને દ્વિતીય-રજવાડી કવિતા, કોથળા દોડ સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ-વસાવા મિનીતાબેન, દ્વિતીય-ગામીત રાજુલાબેન, ભાઈઓમાં પ્રથમ-પટેલ વિનોદભાઈ, દ્વિતીય-તડવી હેમંતભાઈ અને ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહેન્દ્ર ઈલેવન અને બહેનોની મેચમાં રાણા સેજલ ઈલેવન ટીમ વિજેતા રહી હતી. ખો-ખોની રતમમાં તડવી કલ્પનાબેન ટીમ વિજેતા રહી હતી.

ઉધના સિટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી, સુરતના ઉપક્રમે પ્રિ. ડૉ. એ.જી. મહેતાના માર્ગદર્શન તળે સાહિત્ય અને વાદ-વિવાદ સમિતિ દ્વારા તા. ૨૭-૧૨-૧૧ના રોજ આંતર કોલેજ પુસ્તક સમીક્ષા સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ-રાવલ વિરલ, દ્વિતીય-પટેલ પ્રશાંત અને તૃતિય-પટેલ કિંજલ વિજેતા રહયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. અર્જુનભાઈ ગઢવી તેમજ પ્રા. મીતાબેન વાંસદિયાએ સેવા બજાવી હતી. તદ્‌પરાંત તા. ૨૮-૧૨-૧૧ના રોજ પ્રિ. ડૉ. એ.જી. મહેતાના માર્ગદર્શન તળે આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ-ઠાકર તનીષા, દ્વિતીય-વિરલ રાવલ અને તૃતીય-શાહ હની વિજેતા રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે આમ્રપાલીબેન દેસાઈ તથા શ્રી ઈમરાનભાઈ સુરતીએ સેવા બજાવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૪-૧૨-૧૧ના રોજ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે આઈ.આઈ.એમ. બેંગ્લોર તથા યુનાઈટેડ વર્લ્ડ સ્કુલ ઓફ બિઝનેસના સહયોગથી "યુનાઈટેડ માઈન્ડસ" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દરેક ટીમમાં ત્રણ સભ્યો પ્રમાણે કોલેજની કુલ ૨૦ ટીમોએ આ કવોલીફાઈંગ રાઉન્ડમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની દરેક ટીમને જનરલ નોલેજ આધારિત ઓબજેકટીવ ટાઈપ ટેસ્ટ પેપર આપવામાં આવ્યું હતું. આ રાઉન્ડમાં સફળ થનાર ટીમને ઝોનલ લેવલે મોકલવામાં આવશે. જેમાં સફળ ટીમોને ૧૫,૦૦,૦૦૦ના ઈનામો પણ વહેંચવામાં આવશે.



જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર મુકામે આંતર યુનિવર્સિટી હોકી (બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ટીમનો શુભેચ્છા સમારંભ વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાના આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશી (યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસના ભવ્ય)ના પ્રમુખ પદે યોજાયો. આચાર્યશ્રીએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી ખેલાડીઓને અભિનંદન પણ પાઠવ્યાં હતા. પ્રા. ભાવેશભાઈ દેવતાએ ખેલાડીઓને પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને વલસાડ સેન્ટરના હોકી કોચ શ્રી અલ્કેશ પટેલે કોચીંગ આપ્યું હતું. મેનેજર તરીકે ભાવેશભાઈ દેવતા સેવા આપી રહયા હતા.

ટીમના સભ્યો : (૧) પટેલ સારિકા પી. (૨) પટેલ જાગૃતિ એલ. (૩) કડું મેઘના ડી. (૪) પટેલ જેસિકા કે. (૫) પટેલ ધર્મિષ્ઠા એસ. (૬) પટેલ અમીષા આઈ. (૭) પટેલ પ્રિયંકા એ. (૮) પટેલ વૈશાલી એમ. (૯) કારોત્રા ગીતા એમ. (૧૦) કંસારા કેશા આર. (૧૧) હળપતિ હેમલતા એમ. (૧૨) પટેલ જાગૃતિ કે. (૧૩) દવણે જિજ્ઞાશા બી. (૧૪) ઘોડી પરિતા સી. (૧૫) પટેલ ઉર્વશી ટી.



આંતરરાષ્ટ્રીય કેમેસ્ટ્રી વર્ષ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગ દ્વારા કેમેસ્ટ્રી વિષયક કિવઝ સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયુટ નવસારીની કુ. સેજલ પટેલ, કુ. ડિમ્પલ મિસ્ત્રી તથા ફૈઝલ શેખની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે કોલેજના નિવૃત પ્રા. એચ.એ.રાય. દ્વારા પુરસ્કૃત સ્વ. ચંચળબેન આશાભાઈ રાય મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધા "લોકશાહીમાં લોકપાલ અનિવાર્ય છે" વિષય પર સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં કુ. શિવાની આચાર્ય પ્રથમ-કુ. શૈલી ઉપાધ્યાય દ્વિતીય અને વિપુલ આર્યન તૃતીય વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં પ્રા. એ.એન. ભટ્ટ અને પ્રા. એચ.એ. રાયે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. સંજયભાઈ મણીયાર અને પ્રા. તન્વીબેન દેસાઈએ સેવા આપી હતી.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટિઝન કોમર્સ કાલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ દ્વારા તા. ૨૯-૧૨-૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરા અંતર્ગત ગીત-સંગીત નૃત્ય ધારા તથા કોલેજની સાંસ્કૃતિક સમિતિ હેઠળ યોજાયેલ આંતર કોલેજ ગુજરાતી ગીત સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એ.જી. મહેતાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે વૃષ્ટી શાહ અને શ્રી મિથિલેશ મિશ્રા રહયા હતા. સ્પર્ધામાં પ્રથમ-પી.ટી. સાયન્સ કોલેજની વિદ્યાર્થિની કૂમકિયા અવનિ, બીજા ક્રમે કે.પી. કોમર્સ કોલેજના પટેલ રાહુલ તથા ત્રીજો ક્રમ કે.પી. કોમર્સ કોલેજના પટેલ રાહુલ તથા ત્રીજો ક્રમ કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજના કાપડીયા આકાશે મેળવેલ હતો.

## વર્કશૉપ



નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં યુજીસી દ્વારા સ્પોન્સર્ડ "Recent advances in functional materials ; processing

and applications'' વિષય પર વર્કશોપ તા. ૨૪-૧૨-૧૧ના રોજ યોજાયો. જેના ઉદ્‌ઘાટન સમારોહમાં વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકર અને અતિથિવિશેષ પદે ડૉ. બી.ટી. ઠાકર ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે યુનિ. કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં ૩૪ વર્ષની સુદીર્ઘ સેવા આપી નિવૃત્ત થયેલ પ્રા. ડૉ. બી.ટી. ઠાકરનું ડૉ. દક્ષેશ ઠાકરે સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું. પ્રા. ઠાકરના માર્ગદર્શન હેઠળ સંશોધન કરેલ વિદ્યાર્થીઓએ આ સન્માનનું આયોજન કર્યું હતું. ઉપરોકત વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે શારદા યુનિવર્સિટી નોઈડા-દિલ્હીના પ્રો. એન.બી. સિંધે નેનોમટીરીયલ્સ પર બેઝિક જ્ઞાન સરળ શૈલીમાં આપ્યું હતું અને પ્રશ્નોત્તરી દરમ્યાન વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ચારુસેટ યુનિવર્સિટીના ઈન્સ્ટીટયુટ ઓફ રિસર્ચ એન્ડ ટેકનોલોજીના હેડ પ્રા. આર.વી. ઉપાધ્યાયે રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. નર્મદા કોલેજના પ્રા. જી.સી. શર્માએ સેમીમાઈક્રો એનાલીસીસની સમજ આપી હતી. આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલે આવકાર પ્રવચનમાં કોલેજમા છેલ્લા ત્રણ વર્ષમાં સતત ૭મા વર્કશોપ યોજવાનું પ્રયોજન સમજાવી અધ્યાપકોને ધન્યવાદ પાઠવ્યા હતા. વર્કશોપમાં રાજયની વિવિધ યુનિવર્સિટીના કુલ ૧૭૫ ડેલીગેટ્‌સે ભાગ લીધો હતો. વર્કશોપના કોઑર્ડિનેટર ડૉ. જી.એમ. મલિકે 'ફંકશનલ મટીરીયલ્સ'નો વિષય પસંદગીની અગત્યતા સમજાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. પૃથૂલ દેસાઈ તેમજ પ્રા. આર. એસ. પ્રજાપતિએ કર્યું હતું.

## શિબિર



શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્‌સ કોલેજ વલસાડના ઉપક્રમે તા. ૧૪,૧૫,૧૬ ઓકટોબર ૨૦૧૧ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનો નાટ્‌ય શિબિર યોજવામાં આવ્યો હતો. શિબિરનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના હસ્તે થયું હતું. ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે નૂતન કેળવણી મંડળના સહમાનદ્‌ મંત્રી ડૉ. તુરેલ, વિનયન વિદ્યાશાખાના ડીન શ્રી ડૉ. જગદીશ ગૂર્જર તથા ડૉ. જનક નાયક, કપિલ દેવ શુકલ, શ્રી સતીશ વ્યાસ, જયોતિ વૈદ્ય, સોનલ વૈદ્ય, ડૉ. ભરત મહેતા ઈત્યાદિ ઉપસ્થિત રહયા હતા. આ શિબિરમાં વિવિધ કોલેજોના ૬૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. શિબિરના પૂર્ણાહૂતિ પ્રસંગે રજીસ્ટ્રારશ્રી ડૉ. જે.આર. મહેતા તથા એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના પર્ફોર્મિંગ ડિપાર્ટમેન્ટના ડીન ડૉ. મહેશ ચંપકે ઉપસ્થિત રહી શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર શિબિરની સફળતા પાછળ ઈન્ચાર્જ આચાર્યા ડૉ. રશ્મિબેન દેસાઈ વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પી.ઝેડ.દેસાઈ, નાટ્‌યધારા સમિતિના સભ્યશ્રીઓ તથા સમગ્ર કોલેજ પરિવાર રહયો હતો.


## સેમિનાર

G.C.E.R.T. ગાંધીનગર અને C.T.E. શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના ઉપક્રમે સેમિનારનું આયોજન નવસારી જીલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના સામાજીક વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે કરાયું હતું. તા. ૧ થી ૩ ડિસેમ્બર ૨૦૧૧ દરમ્યાન આ સેમિનારને જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ વિધિવત રીતે ખુલ્લો મૂકી પર્યાવરણ સંરક્ષણની અગત્ય પરીક્ષા કરતા પણ વધુ છે એમ જણાવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે સહુને આવકારી સેમિનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. કેમ્પસ ડાયરેકટર ડૉ. પિછોલીયા નાયકે સહુને આવકારી સેમિનારનુ પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. કેમ્પસ ડાયરેકટર ડૉ. પિછોલીયાએ પર્યાવરણની જાળવણી અંગેના નકકર પ્રયાસોની દિશામાં આ સેમિનારના આયોજનને બિરદાવ્યું હતું. કોમર્સ કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ સેમિનારની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સેમિનારમાં નિવૃત્ત પ્રધાનવનરક્ષક શ્રી દિલીપભાઈ નાયક, રાજપીપળાના વનવિભાગીય વડાશ્રી ગૌતમભાઈ નાયક, ગ્રીન કેમેસ્ટ્રીના અગ્રીમ તજજ્ઞ ડૉ. કે.આર. દેસાઈ, પ્રસિધ્ધ કૃષિ તજજ્ઞ ડૉ. અશોકભાઈ શાહ, ડૉ. કિશોરભાઈ નાયક જેવા તજજ્ઞોએ પર્યાવરણના અસંતુલન, ઔદ્યોગિકરણના દુષ્પ્રભાવ, અનુકૂળ વૈજ્ઞાનિક વિકલ્પો, પર્યાવરણ પોષક જીવન શૈલી અને પર્યાવરણના ખલનાયક તરીકે પ્લાસ્ટિક બેગ જેવાં રસપ્રદ અને સંવેદનશીલ મુદ્દાઓની આગવી શૈલીમાં છણાવટ કરી હતી. સેમિનારના ભાગરૂપે યોજેલ સુંદર પ્રદર્શન અને વનૌષધી પરિચય માટેના તાલીમાર્થીઓના પુરુષાર્થને સેમિનારમાં ઉપસ્થિત તમામ શિક્ષકોએ એકી અવાજે બિરદાવ્યો હતો. સેમિનારના સમાપન સમારંભમાં શિબિરાર્થીઓએ રજૂ કરેલાં આયોજન, શિસ્ત અને ગુણવત્તા અંગેના સંતોષપ્રદ પ્રતિભાવોને સ્વીકારી સમારંભના અધ્યક્ષ પ્રિ. ડૉ. એમ.એન. વશીએ આ સંસ્થાની ભવ્ય પરંપરામાં આ સેમિનાર રૂપી સુવર્ણપીંછ ઉમેરાયું જણાવી ઈન્ચાર્જ આચાર્ય અને સમગ્ર ટીમની નિષ્ઠાને બિરદાવી હતી. સેમિનારના કોર્ડિનેટર ડૉ. કલ્પેશ ટંડેલે સફળતા માટે જહેમત ઉઠાવી હતી. પ્રાધ્યાપિકા ગાયત્રીબેન પટેલ અને નમ્રતાબેન પટેલે સમારંભોનું સંચાલન કર્યું હતું.

## વ્યાખ્યાન

- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્‌., સુરતમાં ''હેલ્પએઈજ ઈન્ડિયા'' સંસ્થાના કિન્નરીબેન ચોખાવાલાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સ્વાગત પરિચય આપી મહેમાનોને આવકાર્યા હતા. કિન્નરીબેન ચોખાવાલાએ વધતા જતાં વૃદ્ધાશ્રમો સામે નારાજગી વ્યકત કરી હેલ્પએઈજ ઈન્ડિયા સંસ્થાનો ઉમદા હેતુ વ્યકત કરી, તાલીમાર્થીઓને વૃદ્ધાશ્રમમાં પોતાના માતા-પિતા કે અન્ય વૃદ્ધોને મૂકવામાં ન આવે તેવા પ્રયાસો કરી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીએ પણ સંસ્થાનો સામાજિક હેતુ સિદ્ધ તાય તેવા પ્રયાસો કરવા જોઈએ તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ દ્વારા આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનોની યોજના હેઠળ તા. ૨૩-૧૨-૧૧ના રોજ આર્ટસ-કોમર્સ કોલેજ, વ્યારાના પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાનું 'યુવાનો અને રાષ્ટ્રપ્રેમ/રાષ્ટ્રભકિત'' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વકતાશ્રીએ યુવાનોની ભૂમિકા અને રાષ્ટ્રપ્રેમ સમજાવી રાષ્ટ્રને જોડવાની પ્રક્રિયામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રસંગોચિત વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને સામાજિક અને પોતાના જીવન વિકાસમાં ફાળો આપવા જણાવ્યું હતું. તદ્‌પરાંત લાયબ્રેરી સમિતના ઉપક્રમે 'પુસ્તક પરિચય પ્રોજેકટ' અંતર્ગત પ્રા. આર.પી. પટેલે 'સંસ્કૃતિ પૂજન' પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો.
- ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્‌.)માં

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. દિપીકાબેન શાહનું "વ્યકિતત્વ અને અનુકૂલન" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.




શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, સુરતમાં જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના આચાર્ય શ્રી ડૉ. કે.એન. ચાવડાએ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ધ્યેયકેન્દ્રી બનવા તથા વડીલોને મદદરૂપ થઈ સામાજિક કાર્યમાં જોડાય સાચા અર્થમાં માનવસંબંધોને મહેકાવવા હાંકલ કરી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત શ્રી જે.એમ. નાયકે વિદ્યાર્થીઓ કે જે આજના નવયુવાનો છે તેમને સખત પરીશ્રમ દ્વારા સફળતાના શિખરો સર કરવાના આર્શીવચનો પાઠવ્યા હતા. સંચાલન પ્રા. વિશ્વાબેન દેસાઈ અને આભારવિધિ પ્રા. વસાવા મહેશભાઈએ કરી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુનિવર્સિટી બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ અંતર્ગત આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનો હેઠળ તા. ૧૭-૧૨-૧૧ના રોજ નર્મદા કોલેજ ઓફ સાયન્સ-કોમર્સ, ઝાડેશ્વરના પ્રિ. ડૉ. ભાસ્કરભાઈ રાવલનું "સાંપ્રદાયિક સમસ્યા અને ભ્રષ્ટાચાર સામે યુવાનોની ભૂમિકા" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રસંગોચિત વાત કરી આવા કાર્યક્રમોમાં યુવાનોને ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આભારવિધિ પ્રા. આર.પી. પટેલે કરી હતી. તથા યુથ રેડક્રોસ યુનિટના ઉપક્રમે શ્રી આનંદભાઈ પટેલે "પ્રાથમિક સારવાર" વિષય પર વ્યાખ્યાન આપતાં વિવિધ અકસ્માતો તેની સારવાર વિષે જણાવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે રેડક્રોસના સ્વયંસેવકોને ટ્રેઈનીંગનું જીવન મહત્વ સમજાવ્યું હતું. તદ્પરાંત શ્રી મનોજભાઈ દેસાઈએ ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને "સિક્રેટ ઓફ સકસેસ" વિષય પર વ્યાખ્યાન આપતાં સફળતાના મંત્રો આપ્યા હતા તથા વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

તા. ૩૦-૧૨-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાં સ્વાધ્યાય પરિવારના શ્રી નીમેશભાઈ શુકલે વિદ્યાર્થીઓને માનવીના મન તેમજ મુશીબતમાંથી વ્યકિત કેવી રીતે બહાર આવી શકે તેમજ જયોતિષ શાસ્ત્ર, યોગ, ક્રોધ, સમય, અધ્યયનશીલતા તેમજ વિવિધ દ્રષ્ટાંતો આપી વિદ્યાર્થીઓમાં જીવન જીવવાની વિવિધ કળા અંગેની સમજ વિદ્યાર્થીઓને આપી હતી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.)માં "લાઈફ સ્કીલ્સ" વિષય પર વર્કશોપ યોજાયો હતો. જેમાં એમ.એસ. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. દિપ્તી ઓઝાએ તજજ્ઞ તરીકેની સેવા આપી હતી.

## ઉજવણી

એસ.પી. ગાર્ડા કોલેજ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં તા. ૧૯-૧૨ થી ૨૪-૧૨ દરમ્યાન મ્યુઝિકલ મોર્નિંગની ઉજવણી કરવામાં આવી હતી.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા દ્વારા વૃક્ષારોપણ-ડે ની ઉજવણી દરમ્યાન કોલેજ પરિવાર દ્વારા કોલેજ કેમ્પસમાં વિવિધ પ્રકારના વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આચાર્યશ્રી દ્વારા આ પ્રસંગે વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ તથા સમાજમાં વૃક્ષોનું સ્થાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બર દરમ્યાન બુક-ફ્રેન્ડશીપ-ડેની ઉજવણી તથા પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં સ્પોર્ટસ-ડેની ઉજવણી પ્રસંગે ક્રિકેટ, વોલીબોલ, ખો-ખો, લીંબુ ચમચી, ગોળા ફેંક, લાંબી કૂદ, દોડ, સંગીત ખુરશી સ્પર્ધાનું આયોજન થયું. જેમાં સ્પોર્ટસ મંત્રી પ્રશાંત સોલંકી અને સુરેન્દ્ર યાદવે ફરજ બજાવી હતી.

## એન.એસ.એસ.

જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એન.સી.સી./એન.એસ.એસ. દ્વારા 'રકતદાન શિબિર'નું આયોજન ભારતીય સ્ટેટ બેંક, જંબુસર, તાલુકા પંચાયત-જંબુસર. રેફરલ હોસ્પીટલ, જંબુસર તથા સુરત રકતદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટર, સુરતના ઉમદા સહયોગથી સંપન્ન થયો. સદર કેમ્પસમાં ૬૭ બોટલ રકતદાન રૂપે મળ્યું હતું. રકતદાન શિબિર પૂર્વે પત્રિકા દ્વારા વિદ્યાર્થીઓને જાગૃતિ લાવવાના પ્રયાસો આદર્યા હતા. પ્રત્યેક રકતદાતાઓને સ્મૃતિચિહ્‌ન અને સર્ટી એનાયત થયા હતા. પ્રસ્તુત શિબિરને સફળ બનાવવા એન.એસ.એસ.ના પ્રો.ઓ. પ્રા. એમ.કે. શાહ, પ્રા. જે.જે. જોષી, પ્રા. સી.જી. ડામોર તથા એન.એસ.એસ.ના પ્રા. ડી.એમ. વાઘેલાનો ફાળો રહયો હતો.

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૦૮-૦૯-૧૨-૨૦૧૧ના રોજ 'યુથ ડેવલપમેન્ટ' વિષય પર સેમિનાર યોજાયો. જેનો ૪૫ વિદ્યાર્થિનીઓએ લાભ લીધો હતો. આ સેમિનાર ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના સહયોગથી યોજવામાં આવ્યો હતો. જેમાં વકતા તરીકે દર્શનાબેન શાહ રહયા હતા. આચાર્યા પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈ, ઈન્ચાર્જ શ્રી પ્રા. એમ.યુ. દરૂ તથા એન.એસ.એસ. પોગ્રામ ઓફિસર પ્રા. હંસાબેન પટેલ આ સેમિનારમાં સાથે રહયા હતા.

## મુલાકાત

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના આચાર્યા ડૉ. એચ. એ. દેસાઈ તથા શૈક્ષણિક સ્ટાફ દ્વારા તા. ૫-૧૨-૧૧ના રોજ મનોવિકાસ આશ્રમ શાળા, દેગામ સદ્‌ભાવના મુલાકાત લીધી હતી. આ આશ્રમશાળાનાં ૧૧૪ જેટલાં બહેરા-મૂંગા તથા મંદબુધ્ધિના બાળકોને પ્રેમથી મળી ગોષ્ઠિ કરી હતી. ત્યાંના સંચાલક શ્રી ઈશ્વરભાઈ આહિર સાથે મિટિંગ યોજી બાળકો વિશેની માહિતી મેળવી હતી. આ સંસ્થા સાથેના લાગણીભર્યા સંબંધો કેળવીને ભાવપૃષ્ટિ કરી હતી. બાળકોને હળવો નાસ્તો તથા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ આશ્રમશાળાના બાળકોને સંચાલકો, શિક્ષકો દ્વારા અપાયેલી તાલીમથી વિવિધ સર્જનાત્મક શકિતઓ ખિલવી હતી તેના પરિણામ સ્વરૂપ બાળકોએ બનાવેલ ઝવેરાત, પગલુછણિયા, તોરણ, છાપકામ (સ્ક્રીન પ્રિન્ટીંગ) વગેરે પ્રવૃત્તિ નિહાળી તેમની સર્જનાત્મક શકિતને બિરદાવી હતી અને પ્રોત્સાહન પૂરુ પાડયું હતું. કોલેજના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ તા. ૯-૧૨-૧૧ના રોજ સેલવાસ સ્મિત પાર્લે ગ્લુકોઝની ઔદ્યોગિક એકમની પ્રક્રિયાઓની માહિતી રૂબરૂ અને ફિલ્મ નિદર્શન દ્વારા મેળવવામાં આવી હતી. તદ્પરાંત તા. ૧૯-૧૨-૧૧ના રોજ ૬૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓએ વાઘલધરા સ્થિત કેન્સર હોસ્પિટલ ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ લીમીટેડ, ગણદેવી અને કેનીંગ ફેકટરીની મુલાકાત લીધી હતી. જેમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની માહિતી મેળવવામાં આવી હતી.

## આરોગ્ય

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીના રેડ રીબિન કલબ અંતર્ગત અને લાયન્સ લાયોનેસ કલબ, બારડોલીના સંયુકત ઉપક્રમે એઈડ્સ જાગૃતિ અંગે વકતવ્ય યોજવામાં આવ્યું હતું. ડૉ. હેમાંગભાઈ દેસાઈએ એઈડ્સ જાગૃતિ અંગે વકતવ્ય રજૂ કર્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ પ્રેસિડેન્ટ કાલિન્દીબેન દેસાઈ, ડિસ્ટ્રીકટ સેક્રેટરી ઉષાબેન જાળાવાલા અને ઝોન ચેરમેન, કોકિલાબેન ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વાર્તાલાપ

એ.વી. કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૨-૧૨-૧૧ના રોજ "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ વાર્તાલાપમાં પટેલ નેહલે આઈ.કે. વીજળીવાળાના "મનનો માળો", રાઠોડ પ્રિતી, ફકીરમોહન સેનાપતિના "છ વીઘાં જમીન", નામજોષી પાર્થ એ., રાજુ અંધારિયાના "જસ્ટ એક મિનિટ", પાટીલ સંદીપ પી., ચુનીલાલ શાહના "જીગર અને અમી" અને રાઠોડ ધવલે રામ પુનિયાણીના "ગાંધીપોથી" પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## પેપર

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજના પ્રા. તેજસ ઘડીયાળી અને ડૉ. મનીષ કાયસ્થે Contribution of green technology in the sustainable development of agriculture sector તથા પ્રા. અનિલ ભરોડિયા અને ડૉ. મનીષ કાયસ્થ દ્વારા Research study on impacts of cell phone's life cycle on human and environments. Challenges and Recommendations વિષય પર તા. ૧૫-૧૭ ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન એસ.વી.એન.આઈ.ટી. સુરત ખાતે આઈસીઈઆર-૧૧માં પેપર રજુ કર્યું હતું.

## શિબિર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૮-૧૨-૧૧ના રોજ યોજાયેલ વિચાર-વાચન શિબિરમાં પાટણના શિક્ષણાધિકારી શ્રી નૈષધ મકવાણા તથા એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના પરફોર્મીંગ આર્ટના પૂર્વ અધ્યક્ષ શ્રી હરેશભાઈ વ્યાસે વાંચો, વિચારો ને વિકસો વિષે ચર્ચા કરી હતી. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે અધ્યક્ષસ્થાનેથી કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ વિષે અને પ્રસંગોચિત વાત કરી હતી. શિબિરનું સંચાલન પ્રા એ.એન. ભટ્ટ તથા ડૉ. મીનાબેન શાહે આભારવિધિ કરી હતી તથા ડૉ. દક્ષા ઠાકોરે શિબિર સંબંધિત કામગીરી કરી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**સદ્ભાવના : મારી દ્રષ્ટિએ.**
સંપાદક : ડૉ. દક્ષેશ ઠાકર અને ડૉ. મુકુલ ચોકસી
પ્રકાશક : અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૧. પૃ. ૧૪૧. રૂા. ૧૨૫.૦૦.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સુરત ખાતે તાજેતરમાં વિમોચન પામેલ આ પુસ્તકમાં એક જ વિષય 'સદ્ભાવના' પર ૩૭ લેખો સમાવેશ પામે છે. જેમાં મુખ્યમંત્રીશ્રી સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, સાધુ સંતો અને સાહિત્યકારોના લેખોનું સંપાદન કરવામાં આવેલ છે. આ પુસ્તકના સંપાદકો દર્શાવે છે કે "માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સદ્ભાવનાનું પવિત્ર ઝરણું લોકહૈયામાંથી વહાવવાનો દ્રઢ સંકલ્પ થયોને ઠેરઠેર સદ્ભાવનાનું એક વાતાવરણ બંધાયું જોયું-સાંભળ્યું એમાંથી આ સંપાદન કરવાની પ્રેરણા મળી છે."

'સદ્ભાવના'ની વિવિધ વ્યાખ્યાઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં 'સદ્ભાવના'ની ઉર્જા થકી વિકાસની વાતોને વણી લેવામાં આવેલ છે. મુખ્યમંત્રીશ્રી તેમના લેખમાં દર્શાવે છે કે "હું રાજકીય કાવાદાવામાં સમય બગાડતો નથી. છ કરોડ ગુજરાતીઓનો એક પરિવાર છે તેની આવતીકાલ સમૃધ્ધ બને, ગુજરાતમાં યુવાનોનું ભાવિ પ્રગતિમય રહે તે માટે સદ્ભાવનાની જનશકિતના ભરોસા ઉપર વિકાસને નવી ઉંચાઈ ઉપર લઈ મારી પળેપળનો ઉપયોગ કરવા સંકલ્પબધ્ધ છું." મોરારિબાપુ દર્શાવે છે કે 'ગ્રંથિઓ અને પૂર્વગ્રહોને કારણે નાની અમથી ક્ષુલ્લક વાતમાં બાજી બગડી જતી હોય છે. હું રોજ બાજરાનો રોટલો ખાઉં. સવારે ટાઢો થયેલ રોટલો ખાઉં. મારી બાજુમાં તમે બેઠા-બેઠા ઘઉંનો રોટલો ખાતા હો; તો મારે ને તમારે બગડવું ન જોઈએ. મારી થાળી મને મુબારક, તમારી થાળી તમને મુબારક. આટલી સદ્ભાવના જો આપણે કેળવી ન શકતા હોઈએ; તો કેવળ લાભ લેવા જ આપણે પ્રવૃત્તિ કરીએ છીએ એવો એનો અર્થ થઈ શકે.' આવા અનેક ઉદ્ગારો આ પુસ્તકના લેખોમાં ઠેરઠેર વેરાયેલા પડયા છે. સદ્ભાવનાની પ્રેરણા અને ઉર્જા આ પુસ્તકના લેખોમાંથી મેળવીને ગુજરાતીઓ સ્વયંનો અને રાષ્ટ્રનો વિકાસ કરે તે માટેનું આ પથદર્શક પુસ્તક છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com